ગાંધીનગર સમાચાર

# શહેરમાં ૧૩ અન્ડરબ્રીજ કાર્યરત કરવા જરૂરી





(તસવીર : કશ્યપ નિમાવત)

વિવાદી સર્કલ - પથિકાશ્રમ એસ.ટી. ડેપો અને સિવિલ હોસ્પિટલ જેવા વાહન વ્યવહારથી ધમધમતા ત્રણેય સંકુલોને સાંકળી લેતું ઘ-૩ સર્કલ હંમેશા વિવાદથી જ ઘેરાયેલું રહે છે... સવાર-સાંજ ટ્રાફીક જામના પ્રસંગો બને છે... ટ્રાફીક પોલીસની અનિયમિતતા ટ્રાફીક નિયમનને ખોરવી નાખે છે... ગાંધીનગરના ટ્રાફીક ધમધમતા સર્કલ પર ટ્રાફીક નિયમનની અતિઆવશ્યકતા છે...

## મંત્રીઓ ચૂંટણી પ્રચારમાં અને સચિવો ચૂંટણી વ્યવસ્થામાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૬

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના કારણે સચિવાલયમાં જાણે વેકેશન જોવા મળી રહ્યું છે. મંત્રીઓ-ધારાસભ્યો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બન્યા છે. જ્યારે સચિવો-અધિકારીઓને ચૂંટણી નિરિક્ષણ સહિતની કાર્યવાહિ સોંપવામાં આવી હોવાથી સચિવાલયની કામગીરી પર બ્રેક લાગી ગઈ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો માહોલ જામ્યો છે. મહાનગર પાલિકાઓની ચૂંટણીઓ ભારે વિવાદો બાદ સંપન્ન થઈ છે. હવે આગામી દિવસોમાં નગરપાલિકાઓ અને જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાશે. પાટીદાર અનામત આંદોલન સહિતના કારણો ચૂંટણી પરિણામો પર અસરકર્તા બન્યા હોવાથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મહત્વની બની છે. પોતપોતાનું પ્રભુત્વ દર્શાવવા માટે રાજકીય પક્ષો મરણિયા બન્યા છે. આથી ચૂંટણીપ્રચાર તેજ બન્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં

● અનુસંધાન પાન-૭ પર

## બુધવાર મતદારયાદી આપવાની કોંગ્રેસની માંગ તંત્રએ ફગાવી

ગાંધીનગર, તા. ૨૬

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે બુધવાર મતદારયાદી આપવી

**તંત્રએ કરેલી તૈયારી અંગે કોંગ્રેસ-ભાજપે સંતોષની લાગણી બેઠકમાં વ્યક્ત કરી**

જોઈએ તેવી માંગણી કોંગ્રેસ પક્ષે આજે જિલ્લા કલેક્ટરે બોલાવેલી બેઠકમાં કરી હતી જેનો તંત્રએ અસ્વીકાર કરી અને ગામવાર યાદી જ તૈયાર હોવાનું જણાવ્યું હતું.

કોંગ્રેસ પક્ષ દ્વારા કરાયેલી માંગણીનો તંત્ર દ્વારા અસ્વીકાર કરાયો હતો. આજની બેઠકમાં પુરવણી યાદીને લઈ પણ વાંધો ઉભો કરવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ તંત્રએ જણાવ્યુ હતુ કે મતદારયાદી દર વર્ષે તૈયાર થતી હોય છે તેમજ નવા નામો દાખલ કરવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા હોઈ એ પણ શક્ય નથી તેમજ ભારતનું ચૂંટણી પંચ પણ પૂરવણી યાદી તૈયાર કરતુ હોય છે.

આજની બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ મતદારયાદી અંગે વિસ્તૃત વાતો કરી હતી. આ ઉપરાંત તંત્ર દ્વારા શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે કરવામાં આવેલી તૈયારીઓની જાણકારી પણ આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૧૩ અન્ડરબ્રીજ કાર્યરત કરવા જરૂરી

**સેકટરોમાંથી સીધા મુખ્ય માર્ગ પર આવવા સર્વિસ રોડ બનાવવા પણ માંગણી**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં માર્ગ સલામતીના મુદ્દે અસરકારક પગલા લેવાતા નથી જેના પરિણામે વાહનોની વધતી સંખ્યા સાથે પૈડા પરની જિન્દગી દિન પ્રતિદિન જોખમી બનતી જાય છે.શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે સર્વિસ રોડ બનાવવાનુ કામ પણ હાથ ધરી શકાયુ નથી. બીજીતરફ મુખ્યમાર્ગોને ક્રોસ કરવા નિર્માણ કરાયેલા ૧૩ જેટલા અન્ડરબ્રીજ પણ કાર્યરત કરવા જરૂરી હોવાનુ અનિવાર્ય હોવાની માંગણી શહેર વસાહત મહામંડળ દ્વારા વ્યકત કરવામાં આવી છે. શહેરને સ્માર્ટ સિટી બનાવવા માટે સર્વિસ રોડનુ નેટવર્ક ઉભુ કરવાનુ પણ અનિવાર્ય હોવાનુ પણ મહામંડળે જણાંવ્યુ છે.

ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવાના શમણાંઓ સેવાઈ રહયા છે.ત્યારે શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે વિવિધ ૩૩ જેટલા મુદ્દાઓનો અમલ કરવાનુ અત્યંત અનિવાર્ય હોવાની પ્રબળ લાગણી ઉદભવી છે. શહેરમાં વસતી અને વિકાસના આયામોના લીધે ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે.દિવસ દરમિયાન મુખ્ય માર્ગો પર મેગાસીટીની જેમ ટ્રાફિકની સતત અવર જવર જોવા મળી રહી છે. આવા સંજોગોમાં મુખ્ય માર્ગો પર વિવિધ સરકારી કચેરીઓ પણ આવેલી હોવાથી પીક અવર્સ દરમિયાન વાહનોનો ધમધમાટ જોવા મળે છે. બીજીતરફ મુખ્ય માર્ગને સમાંતર સર્વિસ રોડ બનાવાની વાત પણ વિસરાઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચરેડી સર્કલથી ખ-૭ સુધીના માર્ગ ફોરલેનની દરખાસ્ત દોઢ વર્ષથી પડતર

**સાંકડા રસ્તા પર વિદ્યાર્થીઓ અનેકવાર અકસ્માતનો ભોગ બને છે**

ગાંધીનગર તા ૨૬

ચરેડી સર્કલથી ખ-૭ સુધીના માર્ગને ફોરલેન કરવાની દરખાસ્તને મંજુરી આપવામાં ન આવતા સાંકડા માર્ગ પર રોજબરોજ અકસ્માત થાય છે. આ માર્ગને ફોરલેન કરવા પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ થાય તેમ છે. આ કામ માટે તંત્ર દ્વારા વિભાગ દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી.

શહેરમાં મુખ્ય માર્ગોને સીકસલેન બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના ખ તેમજ ગ માર્ગને સિકસલેન બનાવવા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરના સાત આડા અને ઉભા માર્ગોનુ રોડનેટવર્ક યોગ્ય કરવા તેમજ તેની જાળવણી પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. જયારે વી આઈ પી ઓ ની અવરજવરને ધ્યાને લઈ માર્ગોની સુધારણા પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. પરંતુ સેકટરોના આંતરિક માર્ગો તેમજ શૈક્ષણિક સંકુલો સાથે જોડાયેલા રસ્તાઓની દરકાર લેવામાં નિરસતા દાખવવામાં આવતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. એકબાજુ સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ નથી. જયારે શહેરમાં શૈક્ષણિક સંકુલો સાથે જોડાયેલા માર્ગોની જાળવણી તેમજ નવિનીકરણ માટે પણ નિરસતા સેવાઈ રહી છે. ચરેડી થી ખ- ૭ ને જોડતા માર્ગની પણ આવી જ દશા છે. આ માર્ગ પર અન્જીનિયરીંગ કોલેજ સ્થિત હોવાથી આ રૂટમાં વિદ્યાર્થીઓની વિશેષ અવરજવર રહે છે. જ્યારે માર્ગ સાંકડો હોવાથી વારંવાર અકસ્માતો સર્જાય છે.

આ સમસ્યાને નિવારવા તેમજ માર્ગને ફોરલેન કરવા તંત્ર દ્વારા દોઢ વર્ષ અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ આ મામલે કોઈ નિર્ણય ન લેવાતા હજુ સુધી સાંકડા માર્ગને પહોળો કરવાનુ કામ હાથ ધરી શકાયુ નથી. ૧૩૦૦ મીટરની લંબાઈ ધરાવતા આ માર્ગને ફોરલેન બનાવવા માટે રૂ ૨ કરોડનો ખર્ચ થાય તેમ છે. ત્યારે આ માર્ગનુ ઝડપથી કામ હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.



મોસમ લગ્નની - લગ્નની મોસમ એકાએક છલકાઈ છે... છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં લગ્નોના મંડપો ઠેરઠેર જોવા મળે છે... દેવઉઠી અગિયારસ બાદ તુરત જ લગ્નસરા આરંભાઈ છે... માત્ર ૨૦ દિવસમાં સેંકડો લગ્નોનું આયોજન થયું છે... સૌથી વધુ બેન્ડવાજાની માંગ આજકાલ વધતી જાય છે... વરઘોડો કે ડી.જે. ડાન્સ હવે લગ્નપ્રસંગમાં જાણે અનિવાર્ય બન્યા હોય તેમ લાગે છે... લગ્નની મોસમનો સૌથી વધુ ઉત્સાહ બેન્ડવાજાવાળાને હોય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર માટે
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

## સેક્ટર-૩૦ના એરફોર્સ ક્વાટર્સમાં આધેડ વયના કર્મચારીની હત્યા

**ખાટલા નીચેથી નગ્ન હાલતમાં મળી આવ્યો મૃતદેહ : બે ટુકડા થઈ ગયેલો લોહીભીનો લાકડાનો હાથો અને ચપ્પુ મળી આવ્યુ : બે કે તેથી વધુ હત્યારા હોવાની આશંકા : માથાના ભાગે લાકડાના ફટકા મારીને થયેલી હત્યા રહસ્યમય**

ગાંધીનગર, તા. ૨૬

પાટનગરમાં મકાનમાં ઘુસીને હત્યા કરી હત્યારા ફરાર થઈ ગયાની વધુ એક ઘટના બનવા પામી છે. સેક્ટર-૯ એરફોર્સ ખાતે એન.સી. તરીકે ફરજ બજાવતા કર્મચારીની તેના સે. ૩૦ એરફોર્સ ક્વાટર્સ ખાતે સ્થિત મકાનમાં માથે લાકડાના ફટકા મારીને હત્યા કરી નાંખવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. તદન નગ્ન હાલતમાં ખાટલા નીચેથી મળી આવેલી કર્મચારીની લાશથી અનેક રહસ્યો સર્જાયા છે. એફએસએલ નિષ્ણાંત, ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ એક્ષપર્ટની મદદ સાથે સેક્ટર-૨૧ પોલીસે રહસ્યમય હત્યા અંગે ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. છેલ્લા બે વર્ષથી આ આધેડ વયનો કર્મચારી મકાનમાં પરિવાર વગર એકલો જ રહેતો હતો.

મળતી માહિતી મુજબ સેક્ટર-૩૦ એરફોર્સ ક્વાટર્સ જ-ટાઈપ બ્લોક નં. ૨૯૨/પમાં અક્ષરધામ સામે રહેતા અને સે. ૯ એરફોર્સ યુનિટ કેન્ટીનમાં બીલીંગ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા સુનિલભાઈ ધામૈયાએ ગઈ બપોરે તેમના પડોશી બ્લોક નં. ૨૯૨/૪માં રહેતા એન.સી. ગીલ્લુના મકાનનો દરવાજો અડધો ખુલ્લો જોઈને બહાર બોલાવવા બુમ પાડી હતી. ઘરમાંથી મુળ ઉત્તરપ્રદેશ અલીગઢના ગીલ્લુ ગ્યાસીરામ (ઉ.વ.૫૦)નો કોઈ જ અવાજ ન આવતા હેડ ક્વાટર્સને જાણ કરતા સાર્જન્ટ રાજુભાઈ આવી પહોંચ્યા હતા. દરવાજાને ધક્કો મારીને રૂમમાં નજર નાંખતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. એક ખાટલા નીચે ગીલ્લુનો નગ્ન હાલતમાં મૃતદેહ પડ્યો હતો. બાજુમાં લાકડાનો તાજો તુટેલો લોહીભીનો હાથો, ઊંધા ઉતારેલા

● અનુસંધાન પાન-૭ પર







### હત્યા પાછળ શારીરીક સંબંધ સંલગ્ન..!

આધેડ વયનાં જે કર્મચારી ગીલ્લુની હત્યા થઈ તેનો મૃતદેહ તદન નગ્ન હાલતમાં પડ્યો હતો. બે ખાટલા ભેગા કરેલી સ્થિતિમાં હતા અને ગીલ્લુના કપડા ખાટલા ઉપર જ ઊંધા નિકાળેલા હતા. જે ગીલ્લુનુ એકસાઈટમેન્ટનું પ્રદર્શન કરે છે. મૃતકના પગના બંને ઘુંટણો પર લોહીજામ થયાના ડાઘ છે. અને હત્યા માથાના પાછળના ભાગે લાકડાના ફટકા મારીને કરવામાં આવી છે. મહત્વની શંકા ઉદ્ભવતી બાબત એ છે કે મૃતક ગીલ્લુના પ્રાઈવેટ પાર્ટની આસપાસ સ્ખલન થયેલા વિર્યના ડાઘ પણ મળી આવ્યા છે. જેને પગલે હત્યા પાછળ શારીરીક સંબંધ સંલગ્ન હોવાની શક્યતા પ્રબળ બની છે. શારીરીક સંબંધ સ્ત્રી સાથેનો કે પુરૂષ સાથેનો તે સહીતની બાબતો પર પોલીસે તપાસ શરૂ કરી છે..!

### બનાવ સ્થળેથી શુ-શુ મળ્યું..?

મકાનમાં હત્યા થઈ ત્યાર બાદ પોલીસ પહોંચી ત્યારે દરવાજા પર અને દરવાજા વાળી દિવાલ પર હત્યારાના લોહીવાળા હાથના પંજાની પ્રીન્ટ મળી છે. તે ઉપરાંત બિનવપરાશમાં પડેલા એરકુલર પાછળથી લોહીના ડાઘવાળુ નાનુ ચપ્પુ, તાજા બે ટુકડા થઈ ગયેલા લોહીભીના લાકડાના હાથા, XXX ની રમની ખાલી થઈ ગયેલી બોટલ તથા બાઈટીંગના ખાલી પેકેટ્સ, લોહીના ડાઘ વાળી ગંજી ઉપરાંત ખાટલા ઉપર ઉંધા નિકાળેલા કપડા મળી આવ્યા હતા.

## ઉદ્યોગ ભવનથી પથિકાશ્રમ સુધી સર્વિસ રોડ નિર્માણ કરવાની યોજના હજુ પણ અદ્ધરતાલ

**જગ્યાની ફાળવણી તેમજ વૃક્ષોની કટોતીનો મામલો અવરોધરૂપ : વહીવટી મંજુરીના અંતે પણ ગુંચડુ ઉકેલાયુ નથી**

ગાંધીનગર તા ૨૬

ઉદ્યોગભવનથી પથિકાશ્રમ માર્ગ પર સર્વિસ રોડ બનાવાની યોજનાને વન વિભાગનુ ગ્રહણ લાગ્યુ છે. સર્વિસ રોડ માટે વિભાગ કક્ષાએથી વહીવટી મંજુરી આપી દેવામાં આવી છે.પરંતુ આ રૂટમાં આવતી કચેરીઓને સર્વિસ રોડ માટે જગ્યા ફાળવવા ઉપરાંત વૃક્ષો દુર કરવાની મંજુરીના અભાવે સર્વિસ રોડન બનાવવાના મામલે આગળની ગતિવિધિઓ હાથ ધરી શકાઈ નથી.

શહેરમાં મુખ્ય માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધી રહયુ છે. વાહનોની સંખ્યા વધતા ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. શહેરના મુખ્ય ઘ માર્ગ પર જિલ્લા કલેકટર કચેરી ઉપરાંત કોર્ટ ઉદ્યોગભવનના વિશાળકાય બિલ્ડીંગ તેમજ કોર્પોરેશનની કચેરી પણ કાર્યરત છે. જેના લીધે ઓફિસ અવર્સ દરમિયાન મુખ્ય માર્ગ પર વાહનોની અવરજવર વધુ જોવા મળે છે.જયારે ટ્રાફિક સિનારીયો બદલાતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આવા સંજોગોમાં મુખ્ય માર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે તંત્ર દ્વારા ઉદ્યોગભવનથી પથિકાશ્રમ સુધીના માર્ગ પર સર્વિસ રોડ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. જયારે આ કાર્યયોજના પાછળ રૂપિયા ૮૦ લાખનો ખર્ચ થાય તેમ છે. જો કે વિભાગ દ્વારા આ કામગીરી સંદર્ભે વહીવટી મંજુરી આપી દેવામાં આવી છે. કામ સંબંધિત એસ્ટીમેટ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

દેના બૅંક DENA BANK (A Government of India Enterprise)
સ્ટેશન રોડ, કલોલ શાખા, સ્ટેશન રોડ, તાલુકા કલોલ, જિ. ગાંધીનગર- ૩૫૨૭૨૧
ફોન : ૦૨૭૬૪-૨૨૩૧૮૧/૨૨૩૧૭૯ ઇ-મેઇલ : kalol@denabank.co.in

કબજા નોટિસ [રૂલ ૮(૧)]

દેના બૅન્કના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટાઈઝેશન ઍન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઈનેન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૯ સાથે વાંચતા મળેલ સત્તાની રૂએ તેના ઋણકર્તા/જામીનદારોને ૬૦ દિવસમાં બૅન્કના નાણાં ચૂકવી દેવા તા. ૧૫-૦૭-૨૦૧૫ના રોજ માંગણા નોટિસ મોકલી હતી. ઋણકર્તા/જામીનદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે. આથી નીચે દર્શાવેલ ઋણકર્તા અને જાહેરજનતાને સૂચના આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકારીએ નીચે દર્શાવેલ મિલકતનો ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪)ને નિયમ નં. ૯ સાથે વાંચતા તેને/તેણીને મેળવેલ સત્તાની રૂએ સાંકેતિક કબજો મેળવેલ છે. ઋણકર્તાઓ અને જાહેરજનતાને નીચેની વિગતોવાળી મિલકતનો સોદો નહીં કરવા ચેતવવામાં આવે છે. તેવા કોઈપણ સોદા ઋણકર્તાઓની સામે જણાવેલ રકમ માટે દેના બૅંકના બોજાને આધીન રહેશે. મિલકતનું વર્ણન અને ઋણકર્તા/જામીનદારોની વિગતો તથા બાકી દેવાં નીચે પ્રમાણે છે:

| ક્રમ નં. | ઋણકર્તાનું નામ | જમીનદારનું નામ અને સરનામું | દેના બૅંકની ધિરાણ આપનાર શાખાનું નામ | માંગણા નોટિસ તારીખ | નોટિસમાં જણાવ્યા પ્રમાણે બૅંકની બાકી રકમ | બૅંકે કબજે લીધેલ મિલકતની વિગતો | સિક્યોરિટીઝ મિલકતનો કબજો લીધા તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧) મીનાબેન હસમુખભાઈ બારોટ, રહેવાસી : ભોંયરાવાળો વાસ, હનુમાન મંદિર પાસે, જીતાપુર, કલોલ-૩૮૨૭૨૧ ૨) ચિરાગ હસમુખભાઈ બારોટ, રહેવાસી : ભોંયરાવાળો વાસ, હનુમાન મંદિર પાસે, જીતાપુર, કલોલ-૩૮૨૭૨૧ | ૧) દિનેશ રમેશભાઈ ચૌહાણ, રહેવાસી : બનાસનગર, રેલવે પૂર્વ, કલોલ-૩૮૨૭૨૧ ૨) ખોડલભાઈ એલ. દેસાઈ, રહેવાસી : વાસુદેવ સોસાયટી, વિભાગ-૨, કલ્યાણપુરા, કલોલ-૩૮૨૭૨૧ | કલોલ શાખા | ૧૫-૦૭-૨૦૧૫ | ₹ ૩,૫૬,૫૭૧/- + વ્યાજ અને પિનલ ઈન્ટરેસ્ટ | સિટી સર્વે નં. ૮૫, ટીકા નં. ૬૯૨ મ્યુ. સર્વે નં. ૪/૩૮૬+૮૭ ભોંયરાવાળો વાસ, હનુમાન મંદિર પાસે, જીતાપુર સામે, કલોલ, જિ. ગાંધીનગર-૩૮૨૭૨૧ | ૨૫-૧૧-૨૦૧૫ સાંકેતિક કબજો |

સ્થળ : કલોલ
તારીખ : ૨૫-૧૧-૨૦૧૫

અધિકૃત અધિકારી અને સ્ટેશન રોડ, દેના બૅંક, કલોલ શાખા

Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri M. : 9824049503
Sanjay S. Shah P. Manubhai Medical
ABHAY DECORATORS FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE Plot No. E-192, 193, 194 B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com www.abhaydecorators.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Kisan ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com